# રાજ્યમાં કોરોનાના વધુ ૨૩૦ કેસ

## ગુજરાતમાં કુલ ૩૩૦૧ કેસ : અમદાવાદમાં કોરોનાનો આતંક યથાવત : વધુ ૧૭૮ કેસ, રીકવર ૩૧૩, ગુજરાતમાં વધુ ૧૮ના મોત સાથે મૃતાંક ૧૫૧ પર

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં કોરોના વિસ્ફોટ જારી રહ્યો છે. આજે વધુ ૨૩૦ કેસ સપાટી પર આવ્યા હતા. આની સાથે જ કેસોની સંખ્યા વધીને ૩૩૦૧ સુધી પહોંચી હતી. આજે વધુ ૧૮ લોકોના મોત સાથે ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૧૫૧ પર પહોંચ્યો હતો.

આજે અમદાવાદમાં ૧૮ લોકોના મોત થયા હતા. આજે ૨૭૭૬ ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે જે પૈકી ૨૩૦ કેસ પોઝેટિવ આવ્યા છે. અમદાવાદમાં સ્થિતિ સૌથી ચિંતાજનક રીતે બનેલી છે કારણ કે કેસોમાં જોરદાર વિસ્ફોટ થઈ રહ્યો છે.

### મૃત્યુઆંકમાં ગુજરાત દેશમાં બીજા સ્થાને

**દેશમાં કોરોનાથી મૃત્યુ દર૩.૧ ટકા**

| | |
|---|---|
| મધ્યપ્રદેશ | ૫.૦૮ ટકા |
| ગુજરાત | ૪.૩૩ ટકા |
| મહારાષ્ટ્ર | ૪.૨૩ ટકા |
| કર્ણાટક | ૩.૬૦ ટકા |
| આંધ્રપ્રદેશ | ૩.૦૫ ટકા |
| તેલંગાણા | ૨.૫૨ ટકા |
| દિલ્લી | ૨.૦૫ ટકા |
| રાજસ્થાન | ૧.૫૯ ટકા |
| ઉત્તરપ્રદેશ | ૧.૦૫ ટકા |
| તામિલનાડુ | ૧.૨૬ ટકા |
| કેરળ | ૦.૮૭ ટકા |

અમદાવાદમાં આજે ૧૮ દર્દીઓના મોત થયા હતા. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે. ત્યારબાદ વડોદરા અને સુરતમાં પણ મોટી સંખ્યામાં કેસો છે. ગુજરાતમાં જે કેસો વધ્યા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં વધી રહ્યા છે.

અન્યત્ર સ્થિતિ કાબૂમાં આવી રહી છે પરંતુ અમદાવાદના લીધે આંકડો ઉલ્લેખનીય રીતે વધ્યો છે. આજે પણ કોરોના પ્રભાવિત વિસ્તારોમાં સઘન તપાસની કામગીરી યથાવત રીતે જારી રહી હતી. જેના ભાગરૂપે અમદાવાદમાં વધુ ૧૫૧ કેસો સપાટી પર આવ્યા હતા. હોટસ્પોટ બનેલા અને ખતરનાક રીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છે. અમદાવાદમાં આજે જે ૧૭૮ પોઝિટિવ કેસ આવ્યા હતા. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને



સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે.

અમદાવાદ, વડોદરા, સુરત રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીય રીતે વધારો થઈ રહ્યો છે.

સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાના દર્દીઓની વાત કરવામાં આવે તો સંખ્યા અમદાવાદમાં સૌથી વધારે વધી રહી છે. રાજ્યના જુદા જુદા ભાગોમાં અમદાવાદ સિવાય જ્યાં કેસોની સંખ્યા સૌથી વધારે રહી છે તેમાં સુરતનો સમાવેશ થાય છે. સુરતમાં આ આંકડો ૫૨૬નો રહ્યો છે જ્યારે વડોદરામાં ૨૩૪ કેસો હજુ સુધી નોંધાઈ ચુકયા છે. રાજયના હોટસ્પોટ એવા અમદાવાદ, સુરત અને વડોદરાને લઈને કેન્દ્રીય સ્તર સુધી પણ નોંધ લેવામાં આવી છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૧૮૧ | ૧૦૪ | ૧૪૦ |
| વડોદરા | ૨૩૪ | ૧૨ | ૫૬ |
| સુરત | ૫૨૬ | ૧૫ | ૧૬ |
| રાજકોટ | ૪૫ | ૦૦ | ૧૪ |
| ભાવનગર | ૪૦ | ૦૫ | ૧૮ |
| આણંદ | ૪૯ | ૦૩ | ૧૪ |
| ભરૂચ | ૨૯ | ૦૨ | ૧૦ |
| ગાંધીનગર | ૨૫ | ૦૨ | ૧૨ |
| પાટણ | ૧૭ | ૧ | ૧૧ |
| પંચમહાલ | ૧૭ | ૨ | ૦૦ |
| બનાસકાંઠા | ૨૮ | ૦૦ | ૦૧ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર | ૧૩ | ૦૦ | ૦૩ |
| કચ્છ | ૦૬ | ૦૧ | ૦૧ |
| મહેસાણા | ૦૭ | ૦૦ | ૦૨ |
| બોટાદ | ૧૨ | ૦૧ | ૦૦ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૦૪ | ૦૦ | ૦૧ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૨ |
| ખેડા | ૦૬ | ૦૦ | ૦૧ |
| જામનગર | ૦૧ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૦ |
| સાબરકાંઠા | ૦૩ | ૦૦ | ૦૨ |
| અરવલ્લી | ૧૮ | ૦૧ | ૦૦ |
| મહીસાગર | ૧૦ | ૦૦ | ૦૦ |
| તાપી | ૦૧ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૫ | ૦૧ | ૦૦ |
| નવસારી | ૦૨ | ૦૦ | ૦૦ |
| ડાંગ | ૦૧ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૦ |
| કુલ | ૩૩૦૧ | ૧૫૧ | ૩૧૩ |

# ચાર મહાનગરોમાં દુકાનો ૩જી સુધી નહિં ખોલાય

## રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતમાં ત્રીજી સુધી દુકાનો ચાલુ કરવા દેવાશે નહિ

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં આગામી ૩ મે સુધી સમગ્રતયા દુકાનો ચાલુ કરવા દેવાશે નહિ. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયની પ્રચાર માધ્યમોને જાણકારી આપી હતી.

આ ચારેય મહાનગરોના મ્યુનિસિપલ કમિશનરો અને જિલ્લા કલેકટરોએ સ્થાનિક વેપારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી હતી. આ ચર્ચા-વિચારણા બાદ રાજ્ય સરકાર સાથે પરામર્શ કર્યા પછી મ્યુનિસિપલ કમિશનરો અને કલેકટરોએ સંયુકત પણે નિર્ણય કર્યો છે કે પ્રવર્તમાન પરિસ્થિતીમાં આગામી ૩ મે સુધી આ ચાર મહાનગરોમાં દુકાનો બંધ રાખવામાં આવશે.

લોકડાઉનના સમય દરમ્યાન આ મહાનગરોમાં અગાઉ ચાલુ રહેલી જીવનજરૂરી ચીજવસ્તુઓ દૂધ, કરિયાણું, શાકભાજી અને અન્ય આવશ્યક વસ્તુઓ, દવાઓની દુકાનો જ માત્ર ચાલુ રાખવા દેવાશે.

મુખ્યમંત્રીના સચિવે વધુમાં જણાવ્યું કે રાજયમાં અન્ય જે વિસ્તારો-જિલ્લાઓમાં રવિવાર ૨૬ એપ્રિલથી ધંધા-વ્યવસાયો શરૂ કરવાની રાજ્ય સરકારે જે છૂટછાટો આપી છે તેમાં પણ મોલ-માર્કેટીંગ કોમ્પલેક્ષ, હેર કટીંગ સલૂન-બ્યૂટીપાર્લર, પાન-ગુટકા-બીડી-સીગારેટનું વેચાણ કરતી દુકાનો, ટી સ્ટોલ કે હોટેલ રેસ્ટોરન્ટ ચાલુ કરી શકાશે નહિ.

આ ઉપરાંત ટેક્ષી સેવાઓ, રિક્ષા સેવાઓ ઉબેર કે અન્ય બસ સેવાઓ પણ રાજ્યમાં શરૂ થશે નહિ, એમ અશ્વિનીકુમારે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીના સચિવે વધુમાં કહ્યું કે આવા NFSA લાભાર્થીઓને ૨૫ એપ્રિલથી આ અનાજ વિતરણ કરવાનો જે આરંભ થયો છે તેના બીજા દિવસે રવિવારે ૨૬ એપ્રિલે પાંચ લાખ લોકોએ લાભ મેળવ્યો છે.



**મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા દ્વારા પોલીસ મિત્રોને છાશનું વિતરણ**

મધુર ડેરી દ્વારા લોકડાઉનની પરિસ્થિતિમાં ગાંધીનગર શહેરમાં ફરજ બજાવતા કર્મચારીઓને મધુર મસાલા છાશનું અવિરત વિતરણ કરવામાં આવે છે. ત્યારે રવિવારના રોજ મધુર ડેરીના ચેરમેન ડો.શંકરસિંહ રાણા સ્થળ પર હાજર રહીને છાશ વિતરણ કરી પોલીસ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લીના શેલ્ટર હોમમાં રહેલા પરપ્રાંતિય શ્રમિકોને વતન મોકલવા તજવીજ

કોરોનાએ ચારે તરફ કહેર મચાવ્યો છે. જેના કારણે અત્યાર સુધીમાં હજ્જારો લોકો કોરોનાના ભરડામાં આવ્યા છે. ત્યારે સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુથી સરકારે લોકડાઉન જાહેર કરી દીધું હતું. પરંતુ શહેરમાં રહેતા શ્રમિકોએ પોતાના વતન ભણી વાટ પકડી હતી. ત્યારે તંત્ર દ્વારા શ્રમિકો આગળ ન જાય તે માટે ઠેર ઠેર આશ્રયસ્થાનો ઉભા કરી દીધા હતા. અરવલ્લીમાં શામળાજી, મોડાસા, ભિલોડા સહિત અનેક જગ્યાએ અંદાજે ૯૦૦ જેટલા શ્રમિકોને આશ્રય આપવામાં આવ્યો છે. ત્યારે શ્રમિકોએ વતન તરફ જવાની ભારે માંગ કરી હતી. સાથે જમવા તેમજ રહેવાની સગવડો અપુરતી હોવાની પણ બૂમો ઉઠી રહી હતી ત્યારે તંત્ર દ્વારા શ્રમિકોને તેઓના વતન મુકવા અંગે રાજ્ય સરકાર પાસે મંજૂરી માગવામાં આવી હતી. મંજૂરી બાદ અરવલ્લી જિલ્લા વહીવટીતંત્રએ શ્રમિકોને વતનમાં



મુકવા જવા માટે તજવીજ હાથ ધરી હતી. એમ.પી.ના ૨૨૫ જેટલા લોકોને ૯ બસ મારફતે મોકલી આપવા તજવીજ હાથ ધરી હતી શેલ્ટર હોમમાં રહેલા શ્રમિકોમાં આનંદ છવાયો હતો.

અરવલ્લી જિલ્લામાં રખાયેલ અંદાજે ૯૦૦ જેટલા પરપ્રાંતિય શ્રમિકોને શેલ્ટરહોમમાં રાખવામાં આવ્યા હતા. જ્યાં રહેવા તેમજ જમવાની સગવડ શ્રમિકો માટે કરવામાં આવી હતી. શહેરોમાં મજૂરી કરીને જીવન નિર્વાહ કરતા શ્રમિકોએ લોકડાઉન થતાંની સાથે કામધંધા બંધ થતાં વતન તરફ જવા રવાના થયા હતા. ત્યારે સરકાર દ્વારા જે જિલ્લામાં શ્રમિકો હોય તેઓને રહેવા તેમજ જમવાની સગવડ કરવામાં આવી હતી. પરંતુ શ્રમિકોએ પોતાના વતનમાં જવા માટે પ્રબળ માંગ કરી હતી. ભિલોડાના મોધરી કલ્લેકા સ્કૂલમાં રખાયેલ શ્રમિકો તો ઉપવાસ પર પણ ઉતર્યા હતા. ઘટનાને પગલે અરવલ્લી એસડીએમ મયંક પટેલ પણ ભિલોડાના મોધરી કલ્લેકા સ્કૂલ ખાતે દોડી પહોંચ્યા હતા અને શ્રમિકોને કાઉન્સેલીંગ કરવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. જો કે કાઉન્સેલીંગ બાદ શ્રમિકોએ ભોજન લીધું હોવાનું જાણવા મળ્યું હતું. તંત્ર સાથે જાગૃત નાગરિકે પણ મુખ્યમંત્રીના પીએ અશ્વિનીકુમાર, આઈએએસ રૂપવંતસિંહ તેમજ રમણલાલ પાટકરને શ્રમિકોને વતન મોકલવા માટે મેસેજ પણ કર્યા હતા.

### રાજ્યોની માંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યના ૯૨ ટકા કેસ માત્ર મુંબઈ અને પુણેમાં છે. તેઓ ઈચ્છે છે કે અહીંના કન્ટેનમેન્ટ ઝોન છે ત્યાં ૧૮ મે સુધી લૉકડાઉન જારી રહે. પરંતુ તેમણે કહ્યું કે, તેના પર પીએમ મોદી સાથે ચર્ચા બાદ નિર્ણય લેવામાં આવશે.

બંગાળ, પંજાબ અને ઓડિશા પણ ૩ મે બાદ લૉકડાઉન વધારવા ઈચ્છે છે. સૂત્રો અનુસાર, બંગાળ સરકાર કોલકત્તા, ઉત્તરી ૨૪ પરગના, હુગલી, ઈસ્ટ મિદનાપુર, ઈસ્ટ બર્દવાન અને નાદિયાના રેડ ઝોનમાં પ્રતિબંધ યથાવત રાખી શકે છે. પરંતુ સરકાર સંપૂર્ણ રાજ્યમાં લૉકડાઉનના પક્ષમાં નથી. પંજાબના મુખ્યમંત્રીનું માનવું છે કે થોડા સમય માટે લૉકડાઉન સંપૂર્ણ રીતે હટાવવુ સંભવ બનશે નહીં કારણ કે રાજયએ છેલ્લા ૪૦ દિવસમાં કોવિડ-૧૯ના કર્વમાં ત્રણ વખત ઉછાળો જોયો છે.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે સ્પષ્ટ કર્યું કે, ઈન્દોર, ભોપાલ, ઉજ્જૈન અને ખરગોનમાં ૩ મે બાદ લૉકડાઉન હટાવવું સંભવ નથી. સરકાર જબલપુરમાં પણ લૉકડાઉન વધારી શકે છે, કારણ કે ત્યાં છેલ્લા બે-ત્રણ દિવસમાં કેસો વધ્યા છે. રાજસ્થાનના સીએમ ઈચ્છે છે કે ગ્રાઉન્ડની પરિસ્થિતિના આધાર પર રાજ્યોને લૉકડાઉન પર નિર્ણય કરવાની છૂટ આપવામાં આવે. છત્તીસગઢ, જ્યાં ૫ પોઝિટિવ કેસ છે, ત્યાં સરકારે કેન્દ્ર પાસે આર્થિક ગતિવિધિ શરૂ કરવાની મંજૂરી માગી છે.

### ફ્રી કરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લાભ ૪૪.૫૧ કરોડ ગ્રાહકોને મળશે. આ સિવાય અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણયમાં એસબીઆઈએ બચત બેંક ખાતા પરના તેના વ્યાજ દરને વાર્ષિક ધોરણે ૩૨ ટકા કરી નાંખ્યો છે. સરકારી બેંક પીએનબીએ ઈન્ટરનેટ બેંકિંગ અને મોબાઈલ બેંકિંગ દ્વારા કરવામાં આવતા ટ્રાંજેક્શન પરના આઈએમપીએસ ચાર્જને સંપૂર્ણપણે નાબૂદ કર્યો છે. પંજાબ નેશનલ બેંકે આ માહિતી આપી છે. પીએનબીએ જણાવ્યું હતું કે, આઈએમપીએસ ચાર્જને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો આ નિર્ણય તાત્કાલિક અસરને જોતા લીધો છે. પંજાબ નેશનલ બેંકના ગ્રાહકો હવે આ નિર્ણય પછી દિવસ દીઠ રૂ .૫૦,૦૦૦ ટ્રાન્સફર કરશે ત્યાં સુધી કોઈ જ ચાર્જ નીં ચૂકવવો પડે. આ પહેલાં આઈએમપીએસ ચાર્જ રૂપે ૫ રૂપિયા + જીએસટી ચૂકવવા પડતા હતા.

### ખતમ થઈ જશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાચું પુરવાર થઈ રહ્યું છે. આ બંને દેશોમાં તે મેના પહેલા સપ્તાહમાં ખતમ થઈ શકે છે. દેશમાં કોવિડ-૧૯ના કેસ બેગણા થવાની સરેરાશ દર હાલ ૯.૧ દિવસ છે. હાલ દેશમાં સંક્રમણથી મૃત્યુ દર ૩.૧ ટકા છે જ્યારે (સંક્રમિત) દર્દીના સંક્રમણ મુક્ત થવાની ટકાવારી ૨૦ ટકાથી વધુ છે. જે મોટાભાગના દેશોની તુલનામાં સારી છે. દેશમાં લૉકડાઉનની સારી અસર જોવા મળી રહી છે. દેશના ૧૧ રાજ્ય એવા છે જ્યાં દર્દીઓનો આંકડો ૧૫૦ સુધીનો છે. પરંતુ હજુ સુધી એક પણ દર્દીનું મોત નથી થયું.

### દેશમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત ૫૮૦૩ લોકો સંપૂર્ણ સ્વસ્થ થઈ ચૂક્યા છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. કોરોના વાઈરસની સૌથી વ્યાપક અસર મહારાષ્ટ્રમાં જોવા મળી છે. જ્યાં જીવલેણ વાઈરસે ૩૨૩ લોકોનો ભોગ લીધો છે. આ સિવાય રાજ્યમાં આ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૯૦૨૭ પર પહોંચી ગઈ છે.

### ગરમીનો પારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માસ્કની જગ્યાએ ઠંડક આપતા કોટન રૂમાલનો ઉપયોગ વધુ થઈ રહ્યો છે. આ ઉપરાંત ગરમીથી બચવા માટે તરબુચ ટેટી સહીતના ફળોની વિશેષ ખરીદી થઈ રહી છે. આવા સંજોગોમાં શહેરમાં લોકડાઉન અને ગરમીની અસરથી સોપો પડી ગયો છે. રોજબરોજ ગરમીનુ જોર વધી રહ્યુ છે. જયારે આજે દિવસે આકરી ગરમી સાથે સાંજના સમયે નગરજનોએ બફારો પણ અનુભવ્યો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે વાતાવરણમાં સવારે ભેજનુ પ્રમાણ વધુ નોંધાયુ હતુ. આકરી ગરમીની સાથે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા નગરજનો હવે બફારાથી પણ બેચેન બની રહ્યા છે.

### વિશ્વમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મદદ કરી છે. ક્યુબાએ શનિવારે દક્ષિણ આફ્રિકામાં ૨૧૬ સ્વાસ્થ્ય કર્મચારીની ટીમ મોકલી છે. ક્યુબાએ અત્યાર સુધીમાં ઈટાલી, મેક્સિકો, અંગોલા, જમૈકા, વેનેજુએલા સહિત ૧૯ દેશમાં મેડીકલ ટીમ મોકલી છે. જેમાં કુલ ૯૦૦ ડોક્ટર અને નર્સ છે. હજુ આર્જેન્ટિના અને સ્પેનમાં ટીમ મોકલવાની બાકી છે. ક્યુબાએ ૨૦૦૪માં શ્રીલંકાને સુનામી દરમિયાન અને ૨૦૦૫માં પાકિસ્તાનને ભૂકંપ દરમિયાન મદદ કરી હતી.

જર્મનીમાં લોકડાઉનનો વિરોધ કરનાર ૧૦૦થી વધારે લોકોની પોલીસે ધરપકડ કરી છે. આ પ્રદર્શનમાં એક હજાર લોકો સામેલ હતા. જર્મનીમાં એક લાખ ૫૬ હજાર પોઝિટિવ કેસ છે અને ૫૮૭૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. કોરોના વાઈરસના કારણે ૨૦ હજારના મૃત્યુઆંકને પાર કરનાર બ્રિટન પાંચમો દેશ બની ગયો છે. અમેરિકામાં ૫૪ હજારથી વધારે લોકોએ, ઈટાલીમાં ૨૬ હજારથી વધારે લોકોએ, સ્પેનમાં ૨૩ હજાર લોકોએ, ફ્રાન્સમાં ૨૨ હજાર ૬૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે.

બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોનસન કોરોના સંક્રમણથી સાજા થઈ ગયા પછી સોમવારથી પોતાનું કામકાજ સંભાળી લેશે. તેઓ લંડનની સેન્ટ થોમસ હોસ્પિટલમાં બે સપ્તાહ સુધી દાખલ હતા. કેનેડામા ૨૪ કલાકમાં ૧૦૦ લોકોના મોત થયા છે. અહીં સંક્રમિતોની સંખ્યા વધીને ૪૫ હજાર ૩૫૪ થઈ છે અને ૨,૪૬૫ લોકોએ જીવ ગુમાવ્યો છે.

### શરૂઆત છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોરોના પડકાર ભારત માટે નવા પરિવર્તનની શરૂઆત છે, એમ કહીને તેમણે કહ્યું કે, દરેક મુશ્કેલ, પડકાર કંઈને કંઈક શીખવે છે. કેટલીક સંભાવનાના માર્ગ બનાવે છે. નવી દિશા આપે છે. આ કોરોનાની સ્થિતિમાં દેશવાસીઓએ જે સંકલ્પ શક્તિ દર્શાવી છે તે ભારતમાં એક નવા પરિવર્તનની શરૂઆત થઈ છે. આપણી સંસ્થાઓ, સેક્ટરો તથા તમામ ક્ષેત્રો નવી ટેકનોલોજી પરિવર્તન તરફ આગળ વધી રહ્યા છે. ટેકનોલોજીના મોરચે દરેક ઈનોવેટર કંઈને કંઈક નવું કરી રહ્યા છે. દેશ એક ટીમ તરીકે કામ કરે છે તેનો આજે આપણે અનુભવ કરી રહ્યા છીએ. સરકારના તમામ વિભાગો સાથે મળીને કામ કરી રહ્યા છે. એવિએશન, રેલવે સહિત તમામ સેક્ટર પ્રેરણાદાયી કામ કરી રહ્યા છે, જેથી લોકોને ઓછી તકલીફ પડે. આજે આપણા તમામ સાથી કોરોના વોરિયર છે. આજે ગરીબોને સીધા પૈસા ટ્રાન્સફર કરવામાં આવે છે. ગરીબોને ત્રણ મહિના ગેસ સિલિન્ડર મફત આપવામાં આવી રહ્યા છે. રાશન પૂરું પાડવામાં આવી રહ્યું છે. કોરોનાને લીધે કેટલાક હકારાત્મક પરિવર્તન જોવા મળ્યા છે. તે આપણા જીવનમાં કેટલીક જગ્યા બનાવી રહ્યા છે. તેણે આપણી સમજ અને વિચારોને જાગૃત કર્યા છે. આજે માસ્ક આપણા જીવનનો ભાગ બની રહ્યો છે.

સ્વાસ્થ્ય- પોલીસ કર્મચારીઓ માનવતાનું કામ કરી રહ્યા છે, એમ કહીને તેમણે જણાવ્યું કે, આજે દેશના દરેક ખુણેથી એવી તસ્વીરો આવી રહી છે જેમા લોકો સુરક્ષા કર્મી, સ્વાસ્થ્ય કર્મીઓ પર પુષ્પ વર્ષા કરી રહ્યા છે. આજે પોલીસ કર્મચારીઓ ગરીબોને ભોજન આપે છે, દવા પહોંચાડી રહી છે. પોલીસની માનવીય અને સંવેદનશીલતા આપણી સામે ઉભરીને આવ્યા, તેમણે આપણા હૃદયને સ્પર્શી લીધો છે. પોલીસ કર્મચારીઓ ખરા સેવાર્થીઓ તરીકે ઉભરી આવ્યા છે.

પ્રકૃતિ, વિકૃતિ અને સંસ્કૃતિને એક ભાવથી જોવામાં આવે તો આપણને જીવનનો એક નવો દ્વાર ખુલતો દેખાશે.પોતાના હિસ્સાની વસ્તુઓ અન્ય વચ્ચે વહેંચીએ તેને જ તો સંસ્કૃતિ કહેવાય છે. ભારતે તેના સંશાધનો અને વિચારોને અનુરૂપ કેટલાક નિર્ણયો કર્યા છે. ભારતની આવશ્યકતા અને સુરક્ષા માટે યોગ્ય નિર્ણયો લીધા છે. આપણે વિશ્વમાં દરેક ખૂણે આવશ્યક દવાઓ પૂરી પાડી છે. તેઓ કહે છે થેક્યુ ઈન્ડિયા, થેક્યુ પિપલ્સ ઓફ ઈન્ડિયા. રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા આયુર્વેદનો કેવી રીતે ઉપયોગ થઈ રહ્યો છે તે આપણે જોઈ શકીએ છીએ. આયુષ મંત્રાલયે પણ આ માટે કેટલાક દિશા સૂચનો જારી કર્યા હતા.

## અરવલ્લીની ૩૯૬ રાશનની દુકાનો પરથી ૧,૪૯,૫૮૦ કાર્ડધારકોને વિનામુલ્યે રાશનનું વિતરણ શરૂ

કોરોના વાયરસના પગલે સમગ્ર દેશમાં લોકડાઉનની પરિસ્થિતિને કારણે સામાન્ય પરીવારોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા અસરકારક પગલા લઈ રાશનનું વિતરણ કરાયું હતું. હવે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત તમામ કાર્ડધારકોને આજથી અનાજનું વિતરણ શરૂ કરાશે.

કેન્દ્ર સરકાર પુરસ્કૃત આ યોજના અન્વયે અરવલ્લી જિલ્લાની ૩૯૬ વ્યાજબી ભાવની દુકાન પરથી જાહેર વિતરણ વ્યવસ્થા અન્વયે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અંતર્ગત પાત્રતા ધરાવતા એપીએલના ૪૪,૨૩૮, અંત્યોદયના ૨૦,૦૪૯ તેમજ બી.પી.એલ.ના ૬૩૯૪ મળી કુલ ૧,૪૯,૫૮૦ કાર્ડધારકોને એપ્રિલ-૨૦૨૦ માસમાં વ્યક્તિદિઠ ૩.૫૦ કિલો ઘંઉ અને ૧.૫૦ ચોખા ''વિનામુલ્યે'' વિતરણ કરવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. જેમાં મોડાસના એપીએલમાં ૧૧૨૫૭, મેઘરજના ૬૧૪૪, માલપુરના ૨૭૭૭, ભિલોડાના ૧૩૩૩૬, બાયડના ૫૮૧૬, ધનસુરાના ૪૯૦૮ મળી કુલ ૪૪,૨૩૮ કાર્ડધારકો જયારે અંત્યોદયના મોડાસના ૪૧૧૯, મેઘરજના ૩૧૧૯, માલપુરના ૨૩૮૫,ભિલોડાના ૪૩૩૧, બાયડના ૩૮૧૯, ધનસુરાના ૨૨૭૬ મળી કુલ ૨૦,૦૪૯ કાર્ડધારકોને લાભ આપવામાં આવશે. ૨૫ એપ્રિલથી શરૂ થનાર આ વિતરણ વ્યવસ્થા ૩૦ એપ્રિલ સુધી ચાલશે જેમાં વાજબી ભાવની દુકાન ખાતે ભીડ ન થાય અને સોશિયલ ડીસ્ટન્સ જળવાઈ રહે, શાંતિથી સુચારુરૂપે વિતરણ અંતર્ગત કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તાલુકા, ગ્રામ્ય અને શહેરના પુરવઠા તંત્રને સ્થાનિક ગ્રામ રક્ષક દળ, હોમ ગાર્ડ તથા પોલીસતંત્રની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

## બાયડ તાલુકાના કોરોના અસરગ્રસ્ત ગામોમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝિટીવ કેસોનો આંક ૧૮ સુધી પંહોચી ગયો છે. આરોગ્ય વિભાગ દ્વારા સરવે કામગીરી હાથ ધરાઈ રહી છે. બીજી તરફ આયુર્વેદિક વિભાગ દ્વારા કોરોના અસરગ્રસ્ત ગામોમાં જઈ લોકોને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરી રોગપ્રતિકાર શક્તિ વધારવા માટેની ખાસ ઝુંબેશ હાથ ધરી છે. આયુર્વેદિક વિભાગની ટીમ દ્વારા અરવલ્લીના કોરોના પ્રભાવિત-કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતા બાયડ તાલુકાના આંબલીયારા ૩૫૦, તેમજ તેનપુરમાં ૨૫૦ લોકોનો આયુર્વેદિક ઉકાળાનો લાભ આપવામાં આવ્યો છે.